## ડાંગના ગાયગોઠણ ગામે 108માં જ સફળ પ્રસૂતિ

**કાકળશા** ગામની પ્રસૂતાને લેબર પેન સાથે તકલીફો વધતા આહવા સિવિલ રીફર કરાયા હતા

**108ની** ટીમની તત્પરતાથી તંદુરસ્ત બાળક જન્મ્યો, પ્રસૂતાને પણ નવજીવન મળ્યું



સાપુતારાઃ ડાંગ જિલ્લાનાં કાકશાળા ગામની પ્રસૂતા તારાબેન લાઝરસભાઇ ગામિત (ઉં.વ. ૨૬)ને સુબીર સી.એચ.સીથી આહવા સિવિલ હોસ્પિટલમાં ૧૦૮ ઇમરજન્સી સેવા મારફત રીફર કરવામાં આવ્યા હતા. આ પ્રસૂતાની બીજી વારની પ્રેગ્નન્સી હતી. પ્રસૂતાને લેબર પેન, પગે સોજો, હાઇ બીપી, હોવાથી રીફર કરવામાં આવ્યાં હતા.

દરમિયાન પ્રસૂતાને દુઃખાવો ઉપડતા રસ્તામાં જ ૧૦૮ની ટીમે સુબીર તાલુકાના ગાયગોઠણ ગામે અંદાજિત ૧૦:૪૦ વાગ્યે સફળ ડિલિવરી કરાવી હતી. બાદમાં ૧૦૮ની ટીમ દ્વારા અમદાવાદના ફિઝીશિયન ડોક્ટર સાથે વાતચીત કરી જરૂરી માર્ગદર્શન મેળવી એડવાઇઝરી પ્રમાણે જરૂરી ઇન્જેક્શન અને સારવાર અપાઈ હતી. સફળતાપૂર્વક માતાને આહવા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ૧૦૮ની ટીમમાં EMT કપિલ બાગુલ અને પાઇલોટ કીરણ ભોયેએ સમયસુચકતા વાપરીને પ્રસૂતા માતાની સારસંભાળ લીધી હતી.

## વેસ્મા-સિમલક પંથકમાં ‘મોતની સવારી’!

**રોંગ** સાઇડ દોડતા માટી ભરેલા ઓવરલોડ ડમ્પરોનો આતંક, તંત્ર મૌન

**તળાવમાંથી** માટી ઉલેચવાના નામે રસ્તાઓ લપસણા, અકસ્માતની દાવાનળ સામે વહીવટ આંખ મીંચી બેઠું હોય એવો આભાસ



### ડમ્પરોએ માટી ઢોળી ઢોળીને આખો માર્ગ સ્કિડિંગ ઝોન બનાવી દીધો

તળાવની બાજુના મુખ્ય માર્ગ પર માટી વેરાઈ જવાથી રસ્તા પર જાડા થર જામી ગયા છે. રાત્રે ઝાકળ પડતાં રસ્તો લપસણો બની જાય છે, અને વહેલી સવારે રોજગાર માટે નીકળતા મોટરસાયકલ સવાર માટે જીવનું જોખમ વધે છે. ક્ષમતાથી વધુ માટી ભરીને દોડતા ડમ્પરો રસ્તાઓ પર માટી ઢોળે છે, જેના કારણે આખો માર્ગ સ્કિડિંગ ઝોન બની ગયો છે. છતાં, આ ડમ્પર ચાલકોમાં કાયદાનો કોઈ ભય જોવા મળતો નથી. સિમલક અને વેસ્માના રહીશોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.

### ડમ્પરચાલકો જાણે રેસ લગાડે છે, બાળકો-વૃદ્ધો માટે રસ્તા પર નીકળવું મુશ્કેલ

ગ્રામજનો સ્પષ્ટ કહે છે, “દિવસભર ડમ્પરોની અવરજવરથી બાળકો અને વૃદ્ધોનું રસ્તા પર નીકળવું મુશ્કેલ બન્યું છે. ડ્રાઈવર એટલી ઝડપે વાહન ચલાવે છે જાણે રેસ લગાવી હોય.” લોકોએ સવાલ ઉઠાવ્યા છે કે ખાણ-ખનિજ વિભાગે ડમ્પરોના રૂટ અને વજનની તપાસ કરે છે કે કેમ? ટ્રાફિક પોલીસ રોંગ સાઇડ દોડતા આ ‘યમદૂતો’ સામે કાર્યવાહી કેમ નથી કરતી? શું પરવાનગી આપનાર તંત્ર માત્ર કાગળ પર જ નિયમો બનાવે છે?

નવસારીઃ જલાલપોર તાલુકાના વેસ્મા-સિમલક પંથકમાં વિકાસના નામે ખુલ્લેઆમ વિનાશની ખેતી ચાલી રહી છે. વેસ્મા અને સિમલક ગામના તળાવોમાંથી પાણી કાઢી પૂરજોશમાં માટી ઉલેચવાનું કામ ચાલી રહ્યું છે, પરંતુ તેની સાથે જ આ વિસ્તાર ‘મોતની સવારી’ સમાન ઓવરલોડ ડમ્પરોના આતંક હેઠળ આવી ગયો છે. માટી ભરેલા આ ડમ્પરો હાઈવે અને મુખ્ય માર્ગો પર ટ્રાફિકના નિયમોને પગે તોડીને બેફામ દોડે છે અને લોકોના જીવને જોખમમાં મૂકી રહ્યા છે.

ડીઝલ બચાવવા અને અંતર ઘટાડવા માટે ડમ્પર ચાલકો વેસ્મા પ્રતાપ રોડ પર રોંગ સાઈડમાં વાહનો હંકારી રહ્યા છે.

સામેથી આવતા ટુ-વ્હીલર અને કારચાલકો અચાનક આ રાક્ષસી કદના ડમ્પરો સામે આવી જતા હેબતાઈ જાય છે. સિમલક ગામની હદમાં તળાવમાંથી માટી ભરેલા ડમ્પરો સીધા મુખ્ય માર્ગ પર અચાનક ઘુસી જતા હોય છે, જેનાથી ગંભીર અકસ્માતની ભયાવહ સ્થિતિ સર્જાઈ રહી છે.

વેસ્મા-સિમલકનો માર્ગ હવે ખુલ્લેઆમ ‘એક્સિડન્ટ ઝોન’ બની રહ્યો છે. જો સમયસર આ ડમ્પર ચાલકો પર કડક લગામ નહીં કસાઈ, તો આવનારા દિવસોમાં કોઈ નિર્દોષનો જીવ જવાનો અણસાર સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર આવી તપાસ કરે, ડમ્પરો પર કાર્યવાહી કરે અને જવાબદાર અધિકારીઓ સામે પગલાં ભરે તેવી ઉગ્ર લોક માંગ ઉઠી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સુરતના પ્રવાસીનું ખોવાયેલું પર્સ સાપુતારા પોલીસ, હોમગાર્ડ્ઝે પરત કર્યું




સાપુતારાઃ સાપુતારા ફરવા આવેલા સુરતના એક પ્રવાસી માટે હોમગાર્ડના જવાન દેવદૂત સાબિત થયા છે. પોતાનું કિંમતી પર્સ ખોઈ બેસેલા પ્રવાસીને હોમગાર્ડ યુનિટે પ્રામાણિકતા દાખવી તમામ રોકડ અને દસ્તાવેજો સાથેનું પર્સ પરત સોંપ્યું હતું. મળતી માહિતી મુજબ, સુરતથી સાપુતારા ફરવા આવેલા એક પ્રવાસીનું પર્સ પ્રવાસ દરમિયાન ક્યાંક પડી ગયું હતું. આ પર્સ સાપુતારા હોમગાર્ડ યુનિટના સભ્યને મળી આવ્યું હતું. પર્સની તપાસ કરતા તેમાંથી ₹7,712ની રોકડ રકમ તેમજ મહત્વના અંગત દસ્તાવેજો મળી આવ્યા હતા. હોમગાર્ડ સભ્યએ તુરંત આ બાબતે સાપુતારા પી.આઈ.પી.ડી. ગોંડલીયાને જાણ કરી હતી અને પર્સના માલિકની શોધખોળ હાથ ધરી હતી. પર્સના માલિક મળી આવતા, પોલીસ તથા હોમગાર્ડ યુનિટ દ્વારા જરૂરી પૂછપરછ અને દસ્તાવેજોની ખરાઈ કરવામાં આવી હતી. ખાતરી થયા બાદ, પ્રવાસીને તેમની પૂરેપૂરી રોકડ રકમ અને તમામ ડોક્યુમેન્ટ્સ સુરક્ષિત રીતે પરત સોંપવામાં આવ્યા હતા.

### આર. કે. દેસાઈ કોલેજ ઓફ સાયન્સના વિદ્યાર્થીઓની DOMS મુકામે ઔદ્યોગિક મુલાકાત



વાપીઃ આર. કે. દેસાઈ કોલેજ ઓફ સાયન્સના વિદ્યાર્થીઓ માટે ગુરુવારે DOMS ખાતે એક મહત્વપૂર્ણ ઔદ્યોગિક મુલાકાતનું આયોજન કોલેજની ઇન્ડસ્ટ્રીયલ વિઝિટ કમિટી દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં કમિટીના સભ્ય અધ્યાપકો પ્રા.શાલિની અગ્રવાલ અને પ્રા.શિવ દેસાઈએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને ઉદ્યોગની કાર્યપદ્ધતિ, ઉત્પાદન પ્રક્રિયા, ગુણવત્તા નિયંત્રણ તેમજ ઔદ્યોગિક વાતાવરણ અંગે પ્રાયોગિક જાણકારી પ્રાપ્ત થઈ હતી. આ આયોજન બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ, ડિરેક્ટર ડો. મિત્તલ શાહ તેમજ સાયન્સ કોલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપલ પ્રા.સુરભી ચૌધરીએ આયોજકોને શુભેચ્છા પાઠવી હતી.

### વાપી શ્રી ઘનશ્યામ વિદ્યામંદિરમાં મકરસંક્રાંતિની ઉજવણી કરી



વાપીઃ શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર સંચાલિત શ્રી ઘનશ્યામ વિદ્યામંદિરમાં મકરસંક્રાંતિ પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. શાળાના આચાર્ય ચંદ્રવદન પટેલના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ યોજાયો હતો. શિક્ષિકાઓએ બાળકોને મકરસંક્રાંતિના પર્વનું મહત્વ અને પરંપરા વિશે માહિતી આપી હતી. શાળાના વિશાળ મેદાનમાં વિદ્યાર્થીઓએ રંગબેરંગી પતંગો ઉડાવી હતી. સાથે જ શાળાની ગૌશાળાની મુલાકાત લઈ ગૌમાતાઓને લાડુ ખવડાવી ગૌસેવાના મહત્વ વિશે પણ બાળકોને માહિતગાર કર્યા હતાં.

### વલસાડની બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર ગર્લ્સ સ્કૂલની શિક્ષિકા મિતાલી પટેલનું સન્માન



વલસાડઃ ધ સ્કૂલ ઓફ સાયન્સ પાલનપુરમાં યોજાયેલા ગુજરાત સારસ્વત શિક્ષક સન્માન-2026 એવોર્ડ કાર્યક્રમમાં વલસાડની બી.એ.પી.એસ. સ્વામીનારાયણ વિદ્યા મંદિરની ગર્લ્સ સ્કૂલની શિક્ષિકા મિતાલી પટેલને શિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતાં. એ. ઇ.પી.2020 અંતર્ગત વર્ગખંડમાં ગુણવતાસભર શિક્ષણમાં શ્રેષ્ઠ કામગીરી કરવા સાથે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર શિક્ષકને આ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી હતી. નોલેજ વેલી ફાઉન્ડેશન આયોજિત ગુજરાત રાજ્યના 34 જિલ્લામાં ગુજરાત સારસ્વત શિક્ષક સન્માન-2026 હેઠળ 2121 શિક્ષકને સન્માનવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગુજરાત રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકોએ ગુણવત્તાસભર કરેલી કામગીરી માટે શિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ કુંવરબા, અનિકેત ઠાકર ધારાસભ્ય સહિત વિશિષ્ટ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

### મકર સંક્રાંતિ નિમિત્તે નવસારીમાં મલયાળી સમાજ દ્વારા મકર જ્યોતિ ઉત્સવની ઉજવણી



નવસારીઃ મકર સંક્રાંતિના પર્વ નિમિત્તે નવસારી શહેરમાં કેરળના મલયાળી સમાજ દ્વારા પરંપરાગત રીતે મકર જ્યોતિ ઉત્સવની શાંતિપૂર્ણ અને ભાવસભર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે આશરે 500થી વધુ ભક્તોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ધાર્મિક આસ્થાનો સુંદર પરિચય આપ્યો હતો. નવસારી રેલવે સ્ટેશન વિસ્તાર સ્થિત રામજી મંદિરથી પરંપરાગત વાજાં, ઢોલ-નગારા અને ભક્તિ ગીતો સાથે એક ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. શોભાયાત્રામાં ભગવાન અય્યપ્પાના સ્વરૂપે સજ્જ ભક્તો, પરંપરાગત વેશભૂષામાં સજેલા યુવક-યુવતીઓ તથા દીપ લઈને ચાલતા શ્રદ્ધાળુઓ ખાસ આકર્ષણ બન્યા હતા. શહેરના માર્ગો પર મોટી સંખ્યામાં નાગરિકો આ યાત્રા જોવા ઉમટી પડ્યા હતા. મકર જ્યોતિ ઉત્સવ દક્ષિણ ભારતના કેરળ રાજ્યમાં આવેલા પ્રસિદ્ધ શબરીમાલા મંદિર સાથે જોડાયેલો પવિત્ર તહેવાર છે, જે ભક્તોમાં શ્રદ્ધા, શાંતિ અને આધ્યાત્મિક આનંદની લાગણી જગાવે છે.

### રાબડા સ્થિત ‘માં વિશ્વંભરી તીર્થયાત્રા ધામ’માં ગૌપૂજન અને જાગૃતિ અભિયાન યોજાયું



વલસાડઃ મકરસંક્રાંતિ નિમિત્તે વલસાડ તાલુકાના રાબડા ગામ સ્થિત ‘માં વિશ્વંભરી તીર્થયાત્રા ધામ’ માં ગૌસંવેદના અને ગૌચેતના જાગૃતિ અભિયાન અંતર્ગત વિશેષ ગૌપૂજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ધામના સ્થાપક મહાપાત્રના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય દરેક માનવીમાં ગૌ ઉપાસના અને ગૌમાતા પ્રત્યેની સંવેદના જાગૃત કરવાનો હતો. ધરમપુરનાં ધારાસભ્ય અને ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ અરવિંદ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને ગૌપૂજનનો લાભ લીધો હતો.

## બીલીમોરાના બીગરીમાં દીપડો દેખાતાં ઉચાટ, પાંજરું ગોઠવાયું

**બે દિવસ** પૂર્વે આ જ વિસ્તારમાંથી એક કદાવર દીપડો પાંજરે પુરાયો હતો, ગામલોકોમાં દહેશત




બીલીમોરાઃ બીલીમોરાથી ધોલાઈ વલસાડ જતાં કોસ્ટલ હાઈવે ઉપર બીગરી ગ્રામ પંચાયત પાસે બુધવારે સાંજે દીપડો નજરે પડતા ચકચાર મચી હતી.

ગણદેવી તાલુકાનામાં અંબિકા, કાવેરી વેંગણીયા, પનિહારી જેવી નદીઓનો બાગાયતી વિસ્તાર વન્ય જીવો માટે અભયારણ્ય સમાન છે. ગણદેવા ગામે ૧૮૦ હેક્ટર જેટલો જંગલ વિસ્તાર પણ છે. જેમાં વસવાટ કરતા દીપડા ખોરાકની શોધમાં માનવ વસ્તીમાં આવતા હોય છે. એક તરફ શેરડી અને ઘાસ કપાતા વાડી વગડા ચોખ્ખા થઈ રહ્યા છે. તેવા સમયે ગામે ગામ દીપડાની બુમો ઉઠી છે. કાંઠા વિસ્તારમાં બીગરીનાં ગ્રામ પંચાયત નજીક બુધવારે સાંજે દીપડો દેખાવાની વાત ફેલાતા હલચલ મચી હતી. ગ્રામજનોએ કદાવર દીપડો ટહેલતો જોયો હોવાની વાત સરપંચ અને વનવિભાગને કરતાં રાઉન્ડ ફોરેસ્ટર સંજયભાઈ પટેલને જાણ કરાઈ હતી. જેમણે ગુરુવારે બપોરે બીગરી ગ્રામપંચાયત નજીકમાં મરઘાંનું મારણ મૂકી પાંજરું ગોઠવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે બે દિવસ અગાઉ જ મંગળવારે બીગરી ડઢોરા ફળિયામાં બે વર્ષનો એક દીપડો પાંજરે પુરાયો હતો, ફરી આ જ વિસ્તારમાં દીપડો દેખાતા લોકોમાં દહેશત વ્યાપી ગઈ છે.

## વલસાડમાં બિનઅધિકૃત ખનન અને વહન અંગે બે કરોડનાં વાહનો જપ્ત

**નવા** વર્ષના 10 જ દિવસમાં ખનીજ અને ભૂસ્તર વિજ્ઞાન ખાતાનું કડક વલણ

**કપરાડા**, ધરમપુર, પારડી, સહિતના વિસ્તારોમાંથી ટ્રક, ડમ્પરો, જેસીબી મશીનો સીઝ



વલસાડઃ વલસાડ જિલ્લામાં નવા વર્ષ ૨૦૨૬ની શરૂઆતથી જ બિનઅધિકૃત ખનન, વહન અને સંગ્રહ સામે ખનિજ અને ભૂસ્તરવિજ્ઞાન ખાતાએ કડક વલણ અપનાવ્યું છે. જિલ્લામાં અલગ-અલગ તાલુકાઓમાં કરાયેલી કાર્યવાહી દરમિયાન કુલ 4 જેસીબી મશીન અને 11 ટ્રક/ડમ્પરો જપ્ત કરવામાં આવ્યા છે. જપ્ત કરાયેલ મુદ્દામાલની અંદાજીત કિંમત રૂ.2 કરોડ જેટલી થાય છે.

મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીની સૂચના મુજબ ખનિજ અને ભૂસ્તરવિજ્ઞાન ખાતા વલસાડની માઇન્સ સુપરવાઇઝર તથા સર્વેયરની ટીમ દ્વારા ૦૩/૦૧/૨૦૨૬થી ૧૩/૦૧/૨૦૨૬ દરમિયાન વિવિધ સ્થળોએ તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન કપરાડા, ધરમપુર, પારડી, ઉમરગામ, નાનાપોંઢા સહિતના તાલુકાઓમાં સાદી માટી તથા સાદી રેતીના બિનઅધિકૃત ખનન અને વહનના કિસ્સાઓ ઝડપાયા હતા.

તારીખવાર કાર્યવાહીમાં ટ્રક, ડમ્પર તથા જેસીબી મશીન સીઝ કરવામાં આવ્યા છે. સમગ્ર મામલે ગુજરાત ખનિજ (ખાણકામ, વહન અને સંગ્રહ) નિવારણ નિયમો-૨૦૧૭ તથા તા.૦૩/૦૧/૨૦૨૬ના પરિપત્ર અનુસાર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ સાથે રોયલ્ટી પાસ વગર, નંબર પ્લેટ વગર, ઓવરલોડિંગ અથવા ખોટી નંબર પ્લેટ સાથે ઝડપાયેલા વાહનોના માલિકોને ૩૦ દિવસ બાદ જ વાહન છોડવાની નોટિસ પાઠવવામાં આવશે. જો એક જ વાહન અથવા વ્યક્તિ દ્વારા ત્રણથી વધુ વખત ગુનો કરવામાં આવ્યો હશે તો દંડ વસૂલ ન થાય તો તેવા વાહનો સરકાર હસ્તક કરવામાં આવશે.

## ફળી ગામ નજીક ટ્રકની ટક્કરે બાઈકચાલકનું મોત

**કપરાડા** નાશિક માર્ગ પર મકરસંક્રાંતિ પર્વે જ કરૂણાંતિકા, બાઇક સવાર અન્ય બે મિત્રને ઈજા

વલસાડઃ મકરસંક્રાંતિ પર્વે જ કપરાડા નાશિક માર્ગ ઉપર ફળી ગામ ઘટકા ફળિયા નજીક લગ્નમાંથી પરત ફરી રહેલું ટ્રિપલ સવારી બાઇક ટ્રક અડફેટે આવતા બાઇકચાલકનું મોત નીપજ્યું હતું, જ્યારે પાછળ બેસેલા 2 મિત્રને ગંભીર ઈજા પહોંચી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, કપરાડા તાલુકાના ફળી ગામ નજીકથી પસાર થતા નેશનલ હાઈવે 848 ઉપર નારવડથી બાઇક નંબર જીજે-05 એસ.જી. 002 ઉપર સવાર થઈ ચાલક બિસ્તુ જાહીરામ વારલી (ઉં.19 રહે.ફળી,મુલસ્તા ફળિયું) મિત્ર સુનિલ શંકરભાઈ સાલકર (ઉં.19 રહે. ફળી,નાની શેરી ફળિયું) અને વિશાલ શંકરભાઈ ભૂસારા (ઉં.19 રહે. મૂળસટા ફળિયું) 14 જાન્યુઆરીએ વહેલી સવારે 2 કલાકે નારવડ ગામે લગ્નમાંથી ઘરે પરત ફરી રહ્યા હતાં.

આ સમયે ફળી ગામ નજીક સામેથી આવી રહેલી ટ્રક નંબર એમ.એચ.17. સી.વી.3357ની અડફેટે બાઈક આવી ગઈ હતી. જેમાં બાઈકચાલક સહિત ત્રણે માર્ગ ઉપર પટકાયા હતાં. બાઈકચાલક બિસ્તુને ગંભીર ઈજા પહોચતા તેનું મોત નીપજ્યું હતું. જ્યારે પાછળ બેસેલા બંને મિત્રને ગંભીર ઈજા પહોંચતા 108 મારફત સારવાર માટે દવાખાને લઈ જવાયા હતા. ઘટના અંગે કૈલાસભાઈ તુલસીભાઈ સાલકર (રહે.ફળી ગામ, નાની શેરી ફળિયું, કપરાડા) એ ટ્રકચાલક સામે કપરાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## લવાછાથી રૂ.16.90 લાખના દારૂ સાથે ટેમ્પોચાલક ઝડપાયો

વાપીઃ વાપી નજીકના લવાછાથી એલસીબી ટીમે રૂ.16.90 લાખના દારૂ સાથે ટેમ્પોચાલકને ઝડપી પાડયો હતો. વાપી ડુંગરા પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, એલસીબીની ટીમે બાતમીને આધારે લવાછા, પટેલ વે બ્રીજ નજીક સેલવાસથી વાપી જતા માર્ગ પર વોચ ગોઠવી હતી અને વર્ણવેલ નંબર મુજબનો ટેમ્પો આવતા પોલીસે તેને અટકાવી તપાસ કરતા કોથળામાં દારૂ-બીયરના બોક્ષો મોટી માત્રામાં મળી આવ્યા હતાં. ટેમ્પોચાલક નિતેશકુમાર ઉર્ફે જટાશંકર લોકનાથ દુબે (ઉં.35, રહે. સેલવાસ, મૂળ બિહાર)ને દારૂનો આ જથ્થો સેલવાસમાં રહેતા નીતિન ઉર્ફે સાજન મિશ્રાએ ભરી આપેલ હતો. પોલીસે 16,90,560/-નો દારૂ નો ટેમ્પો અને મોબાઈલ ફોન મળી કુલ રૂ.21,95,560/-નો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## કારને બચાવવા ટેમ્પો પલટયો, મજૂરનું દબાઈ જતાં મોત

**વાપી** નજીકના તંબાડીની ઘટના, અચાનક બ્રેક મારતા ટેમ્પો રોડની સાઈડમાં ઊતરી પલટી ગયો, ચાર મજૂર સવાર હતા

વાપીઃ વાપી નજીકના નાની તંબાડીમાં લાકડા ભરેલો ટેમ્પો પલટી જતા તેમાં સવાર ચાર પૈકી એક મજૂરનું લાકડા નીચે દબાઈ જવાથી મોત નીપજ્યું હતું. ટેમ્પા ડ્રાઈવર સંજય ડાયલાભાઈ રડીયા 13-1-26ના રોજ મોટી તંબાડીની વાડીમાંથી સરૂના ઝાડ કપાવ્યા બાદ ટેમ્પામાં ભરી મજૂર સાથે નાની તંબાડીમાં ખાલી કરવા માટે નીકળ્યા હતાં. બપોરે ડ્રાઈવર સંજયનો ફોન આવ્યો કે, નાની તંબાડી, કોળીવાડ, નૂતન ફળિયા માર્ગ પર કૌશલ પેકેજીંગ કંપનીમાંથી અચાનક એક કાર બહાર જતા અકસ્માતથી બચવા ટેમ્પાની અચાનક બ્રેક મારી હતી, જેથી રોડની સાઈડમાં ટેમ્પો ઉતરી પલટી મારી ગયો હતો. ટેમ્પાની સાથે ચાર મજૂર પૈકી ધીરૂભાઈ ધાકલભાઈ વારલી (રહે. મોટી પલસણ, કરંજલી ફળિયું, તા.કપરાડા) લાકડા નીચે દબાઈ ગયો હતો. ઈજાગ્રસ્ત ધીરુભાઈને સેલવાસ કોટેજ હોસ્પિટલમાં ખસેડયો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

## પોક્સો-બળાત્કાર કેસનો 20 વર્ષથી ફરાર કેદી ઝડપાયો

વલસાડઃ વલસાડ પોલીસે પેરોલ પર રજા લઈ ફરાર થયેલા 20 વર્ષની સજા ભોગવતા પોક્સો અને બળાત્કારના કેદીને ઉત્તર પ્રદેશથી પકડી પાડ્યો છે. વલસાડ જિલ્લાના એક કેસમાં આલોક રામઅવતાર મિશ્રાને પોક્સો અને બળાત્કારના આરોપમાં 20 વર્ષની સખત કેદની સજા થઇ હતી. જે સુરતની લાજપોર મધ્યસ્થ જેલમાં આ સજા ભોગવતો હતો. આલોક ગત તા.2 માર્ચ 2024ના રોજ 10 દિવસની પેરોલ રજા પર હતો. ત્યારબાદ તેણે 14 માર્ચના રોજ જેલમાં પરત થવાનું હતું પરંતુ તે પરત થયો ન હતો. જેના પગલે વલસાડ પેરોલ ફર્લો સ્ક્વોડ દ્વારા તેની તપાસ કરી તેને ઉત્તર પ્રદેશથી પકડી પાડી લાજપોર જેલમાં મોકલી આપવામાં આવ્યો છે.

## વલસાડમાં સુરતના યુવકનું ટ્રક સાથે અકસ્માતમાં મોત

વલસાડઃ મકર સંક્રાંતિના રોજ વલસાડ નજીક હાઈવે પર ટ્રક સાથે અકસ્માત થતા સુરતના એક્ટિવા સવારનું મોત નીપજ્યું હતું. ડિંડોલીમાં રહેતા મહેન્દ્ર શંભુનાથી રાજભર (ઉં.36) તેમના ભાઈ સોનુ શંભુનાથ રાજભર અને મિત્રો વિવેક રાજભર અને સુંદરમ રાજભર સાથે દમણ ગયા હતાં. ત્યાંથી મહેન્દ્ર તેમની એક્ટિવા (નં. GJ-05-LW-2794) પર વિવેક અને સુંદરમની સાથે પરત થઈ રહ્યા હતાં. વલસાડના ધરમપુર ચોકડી નજીક તેમની એક્ટિવા આગળ ચાલતી ટ્રક સાથે અથડાઈ હતી. જેમાં મહેન્દ્રને ગંભીર ઈજા પહોંચી હતી અને તેમનું મોત નીપજ્યું હતું. જ્યારે તેમની પાછળ સવાર વિવેક અને સુંદરમને નાની-મોટી ઈજા પહોંચી હતી.

## વાપી VIAની ચૂંટણી 5મી માર્ચે યોજાશે, 22મીથી ફોર્મ વિતરણ શરૂ

**ઈસી** કમિટીની બેઠક બાદ ચૂંટણીનો કાર્યક્રમ જાહેર, ત્રણ વર્ષની ટર્મ પૂરી થતાં ચૂંટણી યોજાશે જેમાં ૧૪ કમિટી મેમ્બર ચુંટાશે

વાપીઃ વાપી વીઆઈએની ઈસી કમિટીની બેઠકમાં આજે વીઆઈએની ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર કરાયો હતો. હાલમાં સતિષભાઈ પટેલના પ્રમુખપદ હેઠળની ટીમનો કાર્યકાળ ૩૧ માર્ચે પૂરો થતો હોવાથી નવી ટીમ માટેની ચૂંટણી 5મી માર્ચે યોજાશે. વીઆઈએની ચૂંટણી માટે આગામી ૨૨ જાન્યુઆરીથી ઉમેદવારી ફોર્મનું વિતરણ કરાશે. વીઆઈએમાં છેલ્લા ત્રણ વર્ષથી સતિષભાઈ પટેલ પ્રમુખ પદે તેમજ માનદ મંત્રી તરીકે કલ્પેશભાઈ વોરા સહિતની ટીમ કાર્યરત છે. હવે નવી ટીમ માટે ચૂંટણી જાહેર કરવામાં આવી છે. વીઆઈએના ૧૪ એક્ઝિક્યુટીવ મેમ્બરની ચૂંટણી માટે કાર્યક્રમ જાહેર થયો છે. આ પૈકી જ વીઆઈએના પ્રમુખ, માનદ મંત્રી તેમજ ઉપ પ્રમુખ, ખજાનચી સહિતના હોદ્દેદારોની પસંદગી થતી હોય છે. પહેલા વીઆઈએના પ્રમુખ અને એક્ઝિક્યુટીવ મેમ્બરોની ચૂંટણી થતી હતી, પરંતુ હવે ત્રણ વર્ષની મુદત માટે જે એક્ઝિક્યુટીવ કમિટીના મેમ્બર ચૂંટાય છે તે પૈકી જ એક મેમ્બરને પ્રમુખ તેમજ અન્ય ચૂંટાયેલા મેમ્બરોમાંથી બાકીના હોદ્દેદારોની પસંદગી થાય છે.

વીઆઈએના હાલ ૧૦૮૬ સભ્યો છે. ૧૪ ફેબ્રુઆરીથી ફોર્મ ભરવાનું શરૂ થશે, ૨૩ ફેબ્રુઆરીએ ફોર્મ પાછા ખેંચવાની છેલ્લી તારીખ રહેશે, ૨૪ ફેબ્રુઆરીએ માન્ય ઉમેદવારોની અંતિમ યાદી બહાર પાડવામાં આવશે. હવે આગામી ત્રણ વર્ષ માટે વીઆઈએમાં કોઈ નવા ચહેરા આવશે કે પછી હાલની ટીમને જ ફરી જવાબદારી મળશે. તે આગામી દિવસોમાં કોણ ચૂંટણીમાં ઝંપલાવે છે તેના પરથી અંદાજ મળશે.

## વિઝાના નામે 76.39 લાખની ઠગાઈ આચરનારો ઝડપાયો

**બનાવટી** કોલ લેટર બતાવી પાંચ લોકોને છેતર્યા હતા



વલસાડઃ વલસાડ સિટી પોલીસે વિદેશમાં વર્ક વિઝા અને વિઝિટર વિઝા અપાવવાના બહાને રૂ. 76.39 લાખની છેતરપિંડી કરનારા વોન્ટેડને પોલીસે મુંબઈ એરપોર્ટ પરથી ઝડપી પાડ્યો છે.

ગત 25 ઓક્ટોબર 2025ના રોજ સોનલબેને નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, મોહમદ ગવાસ ઉર્ફે ગુલામ અબ્દુલ મજીદ શેખે તેમને યુકે (UK)માં નોકરી માટે વર્ક વિઝા અને વિઝિટર વિઝા કઢાવી આપવાની લાલચ આપી, 20 લાખનો ખર્ચ થશે તેમ કહી પોતાના ‘અલોરા ઈમીગ્રેશન’ અને ‘એ-ફિટનેસ’ના બેંક એકાઉન્ટમાં 10 લાખ રૂપિયા જમા પડાવી લીધા હતાં. તેણે અન્ય 4 વ્યક્તિને પણ શિકાર બનાવી, રૂ.76.39 લાખ પડાવી લીધા હતાં.

પોલીસને જાણવા મળ્યું હતું કે, ગુલામ ગુનો આચરીને દુબઈ ભાગી ગયો છે. જેથી વલસાડ પોલીસે તેની સામે ‘લુકઆઉટ નોટિસ’ જાહેર કરી હતી. ગત 13મી જાન્યુઆરીએ તે દુબઈથી મુંબઈ પરત આવી રહ્યો હતો ત્યારે મુંબઈ એરપોર્ટ પર જ તેને ઝડપી લેવામાં આવ્યો હતો.